# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૪૭૭ /૨૦૧૬**
**તા. ૧૮/૦૪/૨૦૧૬**

હું, શિવાનંદ ઝા IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) (એમ), ૩૩ (૨), મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ ની કલમ ૧૧૨(૨) અંતર્ગત મળેલી સત્તા રૂએ અમદાવાદ શહેરમાં સાબરમતિ નદીના પૂર્વ અને પશ્ચિમ કિનારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતિ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન મારફત નિર્મિત રિવરફ્રન્ટ ખાતે ફરવાના સ્થળો પર અને તેના રસ્તાઓ પર ટ્રાફીક ભારણ અને પ્રદૂષણ નિયંત્રિત કરવા, રાહદારી અને સહેલાણીની માર્ગ સલામતિ માટે તેમજ અહીં નિર્મિત રસ્તાઓ પર વાહનોના પાર્કિંગથી અવરોધ વિગેરે નિવારવા નીચે મુજબનો હંગામી હુકમ કરુ છું :

**હુકમ :-**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સાબરમતિ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. દ્વારા નિર્મિત રિવરફ્રન્ટના સાબરમતિ નદીના પૂર્વ કિનારે ડફનાળાથી સરદાર બ્રીજ સુધી અને પશ્ચિમ કિનારે વાડજ (ચંદ્રભાગા બ્રીજથી) પાલડી (આંબેડકરબ્રીજ) સુધી નિર્માણ કરેલ રોડ પર સિમીત વાહનોની અવર-જવરને ધ્યાનમાં લઇ ૯ મીટર પહોળાઇ સાથે ડીઝાઇન કરવામાં આવેલ છે. જેથી ડીઝાઇન કરેલ ક્ષમતાથી વધુ વાહનો આ રોડ પરથી પસાર ન થાય અને રોડ પર વાહનો પાર્ક થવાથી કે ફેરીયાઓ દ્વારા માર્ગ પર અવરોધ થવાથી રોડની ક્ષમતામાં ઘટાડો ન થાય તેની ખાત્રી કરવી જરુરી છે. આ ઉપરાંત સહેલાણી માટે નિર્માણ કરેલ બગીચા વિગેરેમાં ભારે વાહન વ્યવહારથી પ્રદૂષિત હવાની માત્રા ન વધે, અનધિકૃત વેપારી કે ફેરિયા પ્રવૃત્તિથી સહેલગાહની જગ્યા પર ગંદકી અને સાબરમતિ નદીની જલરાશી પ્રદૂષિત ન થાય તે માટે પગલાં લેવા જરુરી છે. સાથોસાથ રાહદારી,સહેલાણી અને આ માર્ગ પર મૂસાફરી કરનારની માર્ગ સલામતિના હીતમાં અહીં તમામ પ્રકારના માલ વાહક વાહનો પર પ્રતિબંધ સાથે પ્રવેશ મર્યાદીત કરેલા વાહનોને નિયત કરેલ ગતિથી વધારે ગતિથી મૂસાફરી કરતા રોકવા જરુરી છે. જેથી :

(૧) **(a) તમામ પ્રકારના ટ્રક,ટ્રેલર,ડમ્પર,ટેન્કર, ટ્રેક્ટર સહીતના ભારે કે મધ્યમ માલ વાહક વાહનો; લોડીંગ ટેમ્પા, લોડીંગ થ્રી વ્હીલ ટેમ્પા/રિક્ષા સહીતના તમામ પ્રકારના માલવાહક વાહનો, ક્રોલરબેઝ વાહનો,લોડર, એક્સકેવેટર સહીતના તમામ પ્રકારના સ્પે.ઇક્વીપમેન્ટ વાહનો અને**

**(b) સ્કૂલ બસ,એસ.ટી., એ.એમ.ટી.એસ. કે બી.આર.ટી.એસ. સિવાયની ૨૦ સીટથી વધારે બેઠક ધરાવતી ખાનગી લક્ઝરી કે સાદી બસો; CNG, પેટ્રોલ કે ડીઝલથી ચાલતી તમામ પ્રકારની પેસેંજર ઓટોરીક્ષાઓ વિગેરે વાહનોને રિવરફ્રન્ટ રોડ પર પ્રવેશ કરવાના સ્થાનોથી જ રિવરફ્રન્ટના રોડ પર ચલાવવા સામે પ્રતિબંધ જાહેર કરવામાં આવે છે.**

(૨) **રિવરફ્રન્ટ ખાતે પાર્કિંગ માટે નિયત કરેલી જગ્યા સિવાય રિવરફ્રન્ટના સમગ્ર રસ્તાઓ પર વાહનો માટે પાર્કિંગ પ્રતિબંધ જાહેર કરી રિવરફ્રન્ટના તમામ રસ્તાઓ નો-પાર્કિંગ ઝોન જાહેર કરવામાં આવે છે.**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ , એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી અને રિવરફ્રન્ટ પર મંજુરી સાથે યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમો આનુષાંગિક માલપરિવહન કરતા વાહનો અને સાબરમતિ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. ની વ્યાવસાયિક અને વિકાસ કામગીરીના ભાગરૂપે વપરાતી મશીનરી, ભારે વાહનો કે માલ વાહક વાહનોને લાગુ પડશે નહી.